NH-48 પર ઝીરો ફેટાલિટી કોરિડોર, પોલીસ, RTO અને NHAIનું સંયુક્ત નિરીક્ષણ

બ્લેક સ્પોટ્સ અને રોડ સેફટીની ચકાસણી, ટ્રાફિક નિયમનમાં સુધારાની કામગીરી હાથ ધરાઈ

અકસ્માતમાં મૃત્યુદર ઘટાડવા 65 કિમીમાં ખાસ વ્યવસ્થા,30 ખાનગી હોસ્પિટલ જોડાઈ છે

(પ્રતિનિધી) વડોદરા, તા.16

વડોદરા શહેર સહિત રાજ્યભરમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને પગલે નેશનલ હાઈવે - 48 પર ઝીરો ફેટાલિટી કોરિડોર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મહત્વાકાંક્ષી પહેલનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુઆંકને શૂન્ય સુધી લઈ જવાનો અને અકસ્માતગ્રસ્તોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે. માર્ગ અકસ્માતોને શૂન્ય પર લાવવા અને વાહનચાલકોની સલામતી વધારવાના ઉદ્દેશ સાથે વડોદરા ટ્રાફિક પોલીસ, આરટીઓ અને હાઈવે ઓથોરિટી દ્વારા ને.હાઈવે-48 પર સંયુક્ત નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ટ્રાફિક પોલીસ વિભાગ, આરટીઓ અધિકારીઓ અને એનએચએઆઈની ટીમે સ્થળ પર પહોંચીને રોડની સુરક્ષા વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. જેમાં જે જગ્યાએ સૌથી વધુ અકસ્માતો થાય છે તેવા બ્લેક સ્પોટ ઝોનની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. આ જગ્યાઓને વધુ સુરક્ષિત બનાવવા માટેના ઉપાયો અંગે ચર્ચા થઈ. માર્ગ પર જરૂરી સુધારણા, સર્વિસ રોડ, ડિવાઈડર અને ટ્રાફિક નિયમન માટે જરૂરી ફેરફારો કરવા અંગે સૂચનો આપવામાં આવ્યા. અકસ્માત પ્રવણ વિસ્તારોમાં યોગ્ય સાઈનેજ બોર્ડ, રિફ્લેક્ટર અને લાઈટિંગની વ્યવસ્થા તાત્કાલિક કરવા માટે એનએચએઆઈને આદેશ આપવામાં આવ્યો હતો.

વડોદરા ઈન્સ્ટિટ્યૂટમાં દેશભક્તિના માહોલમાં આઝાદી પર્વની ઉજવણી કરાઈ

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડોદરા ઈન્સ્ટિટ્યૂટ, કોટંબીએ શનિવાર, 15 ઓગસ્ટ 2026ના રોજ ઉત્સાહ અને દેશભક્તિના માહોલ વચ્ચે 80મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શિસ્તબદ્ધ પરેડ સાથે થઈ હતી, ત્યારબાદ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડો. જયેશકુમાર એસ. પટેલે 'Gen Z ની વ્યવહારુ પ્રતિબદ્ધતાઓ' વિષય પર ઉપસ્થિત જનસમુદાયને સંબોધન કર્યું હતું. તેમણે જવાબદારી, શિસ્ત, બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ બનવાની ક્ષમતા, ડિજિટલ જાગૃતિ તેમજ સમાજમાં અર્થપૂર્ણ યોગદાનના મહત્વ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ ગર્વભેર રાષ્ટ્રગાન ગાયું હતું. સાથે જ ભારતની આઝાદી શક્ય બનાવનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો, નૃત્યો તેમજ એકતાના મૂલ્યો, સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ગૌરવને ઉજાગર કરતા વિચારપ્રેરક નાટક સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ફેકલ્ટી સભ્યોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૧૫મી ઓગસ્ટે કોંગ્રેસ કાર્યાલયે ગાન અટકાવવાનો આક્ષેપ

વડોદરામાં 'વંદે માતરમ્'ના કથિત અપમાનના વિરોધમાં ભાજપ યુવા મોરચા દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ

વિરોધમાં સોનિયા ગાંધીના પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શન અને ભારે સૂત્રોચ્ચાર

(પ્રતિનિધી) વડોદરા, તા.17

૧૫મી ઓગસ્ટે કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં 'વંદે માતરમ્'ના ગાન દરમિયાન થયેલા કથિત અપમાનના મુદ્દાને લઈને વડોદરામાં રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા હરણી સ્થિત ભીડભંજન હનુમાનજી મંદિર ખાતેથી એક વિરોધ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેન્ડલ માર્ચમાં વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ સહિત મહાનગરપાલિકાના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓ જોડાયા હતા. કેન્ડલ માર્ચ દરમિયાન યુવા મોરચાના કાર્યકર્તાઓએ સોનિયા ગાંધીના પોસ્ટરો અને વિરોધ દર્શાવતા બેનરો સાથે સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે સ્વતંત્રતા દિનના કાર્યક્રમમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે 'વંદે માતરમ્'નું પૂર્ણ ગાન શરૂ થયા બાદ કોંગ્રેસના શીર્ષ નેતાઓ અસહજ થઈ ગયા હતા અને ઈશારાઓથી ગીત અટકાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે વંદે માતરમ્ એ આઝાદીની લડાઈનો મહાન નારો અને દેશ માટે ગૌરવ તથા અભિમાનનું પ્રતીક છે. સંસદ દ્વારા સ્વીકૃત આ રાષ્ટ્રગીતનું અનાદર કરવું એ તુષ્ટિકરણની રાજનીતિ દર્શાવે છે.

GSFC યુનિવર્સિટી રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથે ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.17

ભારત આજે 80મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યું છે ત્યારે GSFC યુનિવર્સિટીએ જ્ઞાન, કૌશલ્ય અને ઉદ્યોગ સાથેના જોડાણ દ્વારા યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરીને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીની શરૂઆત GSFC યુનિવર્સિટીના પ્રમુખ અને નિવૃત્ત IAS અધિકારી શ્રી પી. કે. તનેજાના હસ્તે ધ્વજવંદન સાથે થઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિ, એકતા અને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાને રજૂ કરતી સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે પ્રોવોસ્ટ (વાઈસ ચાન્સેલર) શ્રી જી. આર. સિંહા, ડેપ્યુટી ડિરેક્ટર (એડમિનિસ્ટ્રેશન) અને કેમ્પસ ડિરેક્ટર શ્રી મહેશ બારોટ તેમજ યુનિવર્સિટીના શિક્ષક અને બિન-શિક્ષક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. 2015માં બે અભ્યાસક્રમો અને 141 વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલી GSFC યુનિવર્સિટી આજે 21થી વધુ શૈક્ષણિક અભ્યાસક્રમો સાથે 3,400થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી બહુવિષયક સંસ્થા બની છે. યુનિવર્સિટીમાં 57 ટકા છોકરાઓ, 43 ટકા છોકરીઓ અને છ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) સાથે સુસંગત રહીને યુનિવર્સિટીએ પાંચ વર્ષના ચાર ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો પણ શરૂ કર્યા છે.

હનુમાન અંશ ફિલ્મના સભ્યો પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાની મુલાકાતે

(પ્રતિનિધી) વડોદરા, તા.17

બાબા શ્રી નિમ કરોલીના ૪૩ વર્ષ સુધીની વાર્તાને હનુમાન અંશ નામની ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. જે ફિલ્મના સભ્યોએ શહેરના મહાવીર હોલ ચાર રસ્તા પાસે આવેલ આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાના મનોદિવ્યાંગ બાળકોની ખાસ મુલાકાત લીધી હતી.

જે વિશે માહિતી આપતા ફિલ્મના રાઈટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર વિશાલ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ પહેલા અચાનક મારી ગાડી નૈનિતાલ પાસેના કૈચી ધામ ખાતે ઉભી રહી ગઈ હતી અને ત્યારબાદ બાબા શ્રી નિમ કરોલી પર સંસોધન કરીને તેમના જીવન પર ફિલ્મ બનાવી. બાબાએ તેમનું જીવન સમાજને સમર્પિત કરી દીધું હતું અને તેવી જ પ્રવૃત્તિ આસ્થા ફાઉન્ડેશનમાં રેણુકાબેન પંચાલ અને ફાલ્ગુનીબેન રાઠવાના માર્ગદર્શનમાં થઈ રહી છે. વર્ષ ૨૦૧૦ થી ૨૦ જેટલા તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા ૧૫૦ જેટલા મનોદિવ્યાંગ બાળકોની સાર સંભાળ લેવામાં આવી રહી છે. જે દર્શાવે છે કે, સમાજમાં હજુ એવા મનુષ્યો છે જેઓ તેમનું જીવન સમાજ માટે સમર્પિત કરી રહ્યા છે. જેઓ પાસેથી લોકોએ શિખવાની તાતી આવશ્યકતા છે અને મનોદિવ્યાંગ બાળકોની સેવા કરીને જીવન સફળ બનાવવાની શરૂઆત કરવી જોઈએ.

ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જયંતિ નિમિત્તે વડોદરામાં કળશ યાત્રા

(પ્રતિનિધી) વડોદરા, તા.17

સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની 650મી જયંતિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, વડોદરા મહાનગર દ્વારા 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત ભવ્ય કળશ યાત્રા યોજાઈ હતી. રવિવારે સાંજે ગોલ્ડન ચોકડીથી ભીડભંજન હનુમાનજી મંદિર સુધી યોજાયેલી યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પરંપરાગત વેશભૂષામાં મહિલાઓએ માથે કળશ ધારણ કરી યાત્રામાં ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન સંત ગુરુ રવિદાસ મહારાજના સમાનતા, માનવતા, ભાઈચારો અને સામાજિક સમરસતાના સંદેશને યાદ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો, આગેવાનો અને સમાજના વિવિધ વર્ગના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાશીથી લાવવામાં આવેલી પવિત્ર માટીના કળશનું વડોદરા શહેરના વિવિધ વોર્ડમાં વિતરણ કરવામાં આવ્યું હતું. સંત રવિદાસ મહારાજની 650મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે શહેરના તમામ વોર્ડમાં કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કળશ વિતરણ કાર્યક્રમમાં વિવિધ સંતો ઉપરાંત ભાજપ વડોદરા મહાનગરના અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોની, મેયર ગીતાબેન મકવાણા, પ્રદેશમાંથી આવેલા મુખ્ય વક્તા મનન દાણી, ધારાસભ્ય સતિષ પટેલ તેમજ 19 વોર્ડના પ્રમુખો, મહામંત્રીઓ અને મહાનગરના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દુબઈમાં વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમારના હસ્તે ધ્વજવંદન કરાયું

(પ્રતિનિધી) વડોદરા, તા.17

ભારતના 80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે દુબઈ ખાતે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી 108 વ્રજરાજકુમાર મહોદયના પાવન સાનિધ્યમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રગાન સાથે ભારતમાતાને વંદન કરી સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપનાર મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. કાર્યક્રમમાં દુબઈ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવો, ભારતીય પરિવારો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય વ્રજરાજકુમાર મહોદયએ પોતાના સંબોધનમાં સ્વતંત્રતા સાથે રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીનું પણ સ્મરણ કરાવ્યું હતું. તેમણે વિદેશમાં વસતા ભારતીયોને પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમ સાથે જોડાયેલા રહેવા આહ્વાન કર્યું હતું. યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાવા તેમજ પોતાના કાર્ય અને આચરણ દ્વારા ભારતનું નામ વિશ્વમાં ઉજ્જવળ કરવા માટે પણ તેમણે પ્રેરણા આપી હતી. દુબઈમાં VYO (Vallabh Youth Organisation) દ્વારા ભારતીય સંસ્કૃતિ, સનાતન મૂલ્યો અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે વિવિધ ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

માંજલપુર વિસ્તારમાં લબર મૂછિયા આધેડનો સીન-સપાટો

છાત્રાની છેડતી કરતા રોષે ભરાયેલા લોકોએ આધેડને મેથીપાક ચખાડયો

પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી બનાવનો તાગ મેળવ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.20

માંજલપુરમાં સ્કૂલ વિદ્યાર્થીનીની છેડતી કરતા રોષે ભરાયેલા લોકોએ આધેડને ઝડપી લઈ મેથીપાક ચખાવ્યો હતો. આધેડે વિદ્યાર્થીની સહિત લોકોની માફી માગતા મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માંજલપુર વિસ્તારમાં સ્કૂલની વિદ્યાર્થીનીની છેડતીના આક્ષેપ બાદ ભારે હોબાળો મચ્યો હતો. વિદ્યાર્થીનીની છેડતી કરવાના આરોપમાં એક આધેડને લોકોએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને રોષે ભરાયેલા ટોળાએ આધેડને માર માર્યો હતો. લોકોએ આધેડને બરાબરનો મેથીપાક ચખાવતા સમગ્ર મામલો ગરમાયો હતો. દરમિયાન આધેડે સગી બાળકી સહિત ત્યાં હાજર લોકોની માફી પણ માગી હતી. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. વિદ્યાર્થીનીની છેડતીના આક્ષેપોને પગલે પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. બાળકી તથા પરિવારજનોની ફરિયાદ અને નિવેદનના આધારે આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ગ્લોબલ ઓલિમ્પિયાડમાં શૌર્ય સોલંકીએ શાનદાર સિદ્ધિ હાંસલ કરી

વડોદરાઃ પ્રાથમિક ધોરણ-2 સુધીના વિદ્યાર્થીઓનું જ્ઞાન અને મૂલ્યાંકન કરવા માટે યોજાતી "ગ્લોબલ ઓલિમ્પિયાડ" સ્પર્ધાત્મક પરીક્ષામાં વડોદરાના વિદ્યાર્થી શૌર્ય સોલંકીએ નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. આ પરીક્ષામાં ગણિત (Numeracy) અને પર્યાવરણ (Environment) જેવા વિષયો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. વર્ષ 2025-26માં યોજાયેલી આ સ્પર્ધામાં ગણિત (Numeracy) વિષયમાં શૌર્ય સોલંકીએ વડોદરામાં પ્રથમ અને ગુજરાત રાજ્યમાં ચોથું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત ગુજરાત-મહારાષ્ટ્ર રિજનલ લેવલે 132મું સ્થાન હાંસલ કર્યું છે.

સ્ટર્લિંગ હોસ્પિટલમાં 'સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાર્ટ કેર'ની શરૂઆત

(પ્રતિનિધિ)વડોદરા,તા.17

મધ્ય ગુજરાતમાં કાર્ડિયાક સારવારને વધુ વ્યાપક બનાવવા સ્ટર્લિંગ હોસ્પિટલ, રેસ કોર્સ રોડ, વડોદરા ખાતે 'સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાર્ટ કેર'ની શરૂઆત કરવામાં આવી છે. આ સેન્ટરમાં કાર્ડિયોલોજી, કાર્ડિયાક સર્જરી, પીડિયાટ્રિક અને સ્ટ્રક્ચરલ કાર્ડિયોલોજી, એનેસ્થેસિયા તથા ક્રિટિકલ કેર સહિતની વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સના ગ્રુપ મેડિકલ ડિરેક્ટર ડૉ. પ્રસાદ મુગલીકર અને રેસ કોર્સ રોડ હોસ્પિટલના ફેસિલિટી ડિરેક્ટર અજિત ઝાની ઉપસ્થિતિમાં સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી. હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે સંસ્થાનો ઉદ્દેશ નિવારણ, નિદાન, ઈન્ટરવેન્શન, સર્જરી, ક્રિટિકલ કેર અને રિકવરી સુધીની સંકલિત કાર્ડિયાક સારવાર પૂરી પાડવાનો છે. સેન્ટરમાં પ્રિવેન્ટિવ હાર્ટ ક્લિનિક, ચિલ્ડ્રન્સ હાર્ટ ક્લિનિક, હાર્ટ ફેલ્યોર ક્લિનિક, વાલ્વ ક્લિનિક, એઓર્ટા ક્લિનિક તથા મિનિમલી ઈન્વેસિવ કાર્ડિયાક સર્જરી કાર્યક્રમનો સમાવેશ થાય છે. ઉપરાંત 24 કલાક ઈમરજન્સી કાર્ડિયાક સેવા, પ્રાઈમરી એન્જિયોપ્લાસ્ટી અને એક્યુટ કોરોનરી કેરની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

માય એપલ સ્કૂલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી

વડોદરા : માય એપલ સ્કૂલ સંસ્કાર ફાઉન્ડેશન (MASSF) દ્વારા દેશના ૮૦ માં સ્વાતંત્ર્ય દિવસની આયોજિત ઉજવણીના ભાગરૂપે શાળાના પ્રાંગણમાં દેશભક્તિસભર વાતાવરણમાં એક અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની ઉજવણીનું મુખ્ય આકર્ષણ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ની ૧૫૦મી ગૌરવશાળી વર્ષગાંઠની ખાસ થીમ રહી હતી. શાળાના ધોરણ ૬ થી ૧૨ ના ૧૫૦ વિદ્યાર્થીઓએ દેશભક્તિથી પ્રેરિત થીમ આધારિત પ્રસ્તુતિઓ અને નૃત્ય રજૂ કરીને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આગામી દિવસોમાં વરસાદના નવા રાઉન્ડની શકયતા

(પ્રતિનિધિ)વડોદરા,તા.17

હવામાન વિભાગ દ્વારા જણાવ્યા મુજબ 30-40 કિમીની ઝડપે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. નિષ્ણાંતોના મુજબ મઘા નક્ષત્રમાં સૂર્યના પ્રવેશ બાદ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાંથી લઈને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સોમવારે વડોદરાનું મહત્તમ તાપમાન 32.0 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.8 ડીગ્રી નોંધાયું હતું. રવિવારે સવારે 8:30 થી સોમવારે સવારે 8:30 સુધીમાં શહેરમાં 5 મિમી વરસાદ પડ્યો હતો. સવારે હવામાં ભેજનું પ્રમાણ 86% અને સાંજે 73% રહ્યું હતું. આગામી 3 દિવસ સુધી શહેરમાં વીજળી સાથે વરસાદ ચાલુ રહેશે. 18 અને 19 ઓગસ્ટે પણ તોફાની વરસાદની શક્યતા છે. ત્યારબાદ 20 ઓગસ્ટથી 23 ઓગસ્ટ સુધી સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવો વરસાદ રહેવાની શક્યતા છે. તાપમાન 25 ડીગ્રી થી 31 ડીગ્રીની વચ્ચે રહેવાની સંભાવના છે.

અટલાદરામાં દૂષિત પાણીનો ત્રાસઃ

પ્રમુખ આનંદ સોસાયટીના રહીશોનો VMC સામે હલ્લાબોલ

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૨ માં આવેલા અટલાદરા વિસ્તારની પ્રમુખ આનંદ સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયથી ગંદા અને દુર્ગંધયુક્ત પાણીનો પુરવઠો આવતા સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

સોસાયટીના નળમાંથી આવતું દૂષિત પાણી પીવા લાયક ન હોવાથી સ્થાનિકોમાં રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે અને ગંદુ પાણી પીવાના કારણે ઘણા લોકો બીમાર પડી રહ્યા હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શુદ્ધ પીવાનું પાણી મેળવવા માટે લોકો અટલાદરા સ્થિત પાણીની ટાંકી સુધી જાય છે, પરંતુ ત્યાંથી પણ ગંદુ પાણી જ મળતું હોવાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન માં આ અંગે વારંવાર રજૂઆતો અને ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં પાલિકા તંત્ર સામે રોષ વ્યાપી ગયો છે. રોષે ભરાયેલા રહીશોએ મ્યુનિસિપલ તંત્રને ચેતવણી આપતા જણાવ્યું છે કે જો સમયસર આ સમસ્યાનું યોગ્ય અને કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો દૂષિત પાણીના કારણે વિસ્તારમાં ગંભીર રોગચાળો ફેલાવાની પૂર્ણ શક્યતા છે. લોકોએ માંગ કરી છે કે પાલિકા તંત્ર તાત્કાલિક ધોરણે પાણીની ગુણવત્તાની તપાસ કરાવે અને વિસ્તારમાં શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવે તેવી માંગ કરી છે.

45 વર્ષથી ફરાર લૂંટનો આરોપી UPમાંથી ઝડપાયો

વડોદરા : કરજણ પોલીસ સ્ટેશનમાં વર્ષ 1981માં નોંધાયેલા લૂંટના ગુનામાં આરોપી હબીબ અહેમદ અબ્દુલ શકુર પઠાણ લાંબા સમયથી પોલીસથી બચતો ફરતો હતો. આ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. LCB ટીમને હ્યુમન સોર્સથી બાતમી મળી હતી કે આરોપી કાસગંજ, ઉત્તરપ્રદેશ ખાતે પોતાના વતનમાં રહે છે. જેના આધારે ટીમે ત્યાં પહોંચી સતત વોચ રાખી આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે કરજણ પોલીસને સોંપવામાં આવ્યો છે.

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૫, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.
(બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ ધ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી મકાનના કામ-૮૦ જેની અંદાજી રકમ રૂા.૧૩.૩૨ થી ૧૫.૧૦ લાખની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http:/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in. ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.
મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.
ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૨૪/૮/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	તા.૨૫/૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ)વિભાગ
ગોધરા.
(માહિતી/ગોધરા/૪૦૪/૨૬)

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૬, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ ધ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી મકાનના કામ-૫ જેની અંદાજી રકમ રૂા.૧૩.૩૨ થી ૧૫.૧૦ લાખની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http:/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.
ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૨૪/૮/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	તા.૨૫/૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ)વિભાગ
ગોધરા.
(માહિતી/ગોધરા/૪૦૬/૨૬)

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.
CIN: U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી, અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે, સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનમાં નવીન સોલાર ફીડરની પેનલ સ્થાપન કરવાની તથા દ.ગુ.વી.કં.લી ની લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવિઝન	ફોલ્ટ સેન્ટર નં	તારીખ - વાર	સમય
૧	૬૬ કે.વી સજોદ	૧૧ કે.વી માટીએડ જે.જે.જી.વાય	અંકલેશ્વર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૧૨	૧૯.૦૮.૨૦૨૬ બુધવાર	૦૮:૦૦ થી ૧